
# સરસ્વત-પ્રતિભા-વંદના

# ગણિતજ્ઞ પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ

**મણિભાઈ પ્રજાપતિ**



'પદ્મપુરાણ'ની વિખ્યાત સૂક્તિ **'કુલં પવિત્રં, જનની કૃતાર્થા, વસુંધરા ચ પુણ્યવતી તેન'** જેને સાચા અર્થમાં સહજતાથી લાગુ પડે છે તેવા કર્મસમૃદ્ધ, જ્ઞાનસમૃદ્ધ અને સંવેદનાસમૃદ્ધના ત્રિવેણીસંગમથી પરિપ્લાવિત પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ માત્ર તેમના પરિવાર કે વતન શેરથાનું જ નહીં, પરંતુ ગુજરાતના ખ્યાતિપ્રાપ્ત વિદ્યાધામ 'સર્વ વિદ્યાલય' (કડી)નું અને ઉત્તર ગુજરાતના ગણિતજ્ઞોનું પણ ગૌરવશિખર છે. આ એ કર્મઠ અને પ્રતિભાશાળી ગણિતજ્ઞ છે કે જેમણે વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. આલ્બર્ટ આઇન્સ્ટાઈનના મેધાવી સુપુત્ર પ્રો. ડૉ. હાન્સ આઇન્સ્ટાઈનના માર્ગદર્શન (૧૯૬૫-૬૯) હેઠળ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિઆ, બર્કલીમાંથી ગણિતશાત્રમાં 'Numerical Solutions of the Navier – Stokes equations for the steady viscous incompressible flow around a rotating circular cylinder' વિષય હેઠળ Ph.D.ની ડિગ્રી ૧૯૭૦માં મેળવી હતી. આ સંશોધનકાર્ય પૂર્ણ કર્યા બાદ 'Computers & Fluids' જર્નલ્સમાં પ્રકાશિત તેમના સંશોધનલેખની પૅરિસ અને ટોકિયોની પ્રયોગશાળાઓએ તેની અધિકૃતતાને પ્રમાણીને તેમનાં સંશોધન જર્નલ્સોમાં તેની નોંધ લીધી હતી. આ ઉપરાંત 'Journal of Computational Physics'માં પ્રકાશિત તેમના લેખના રેફરીઓનાં મંતવ્યોના આધારે સદર જર્નલ દ્વારા આ યુવા અધ્યાપકને પોતાના જર્નલના રેફરી બનાવ્યા હતા. તેમનાં કેટલાંક સંશોધનપત્રો વિખ્યાત જર્નલ્સમાં નોંધપાત્ર સંખ્યામાં ઉદ્ધૃત થયાં છે, જેની પ્રતીતિ 'Science Citation Index' ના આધારે થાય છે. આથી પણ ગૌરવપ્રદ અને તેમની પ્રતિભાનું પ્રોજ્જવલતમ ઉદાહરણ એ છે કે 'હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી'માં જોડાયાના ૮મા વર્ષે પ્રોફેસર તરીકે બઢતી મેળવવી. આ બઢતીની પ્રક્રિયા પણ આપણા ત્યાં પ્રચલિત પદ્ધતિથી સાવ ભિન્ન એવી ખરા અર્થમાં rigorous અને વ્યક્તિ નિરપેક્ષ. આ બઢતી હેતુ અધ્યાપકનાં અધ્યયન-અધ્યાપન, વિદ્વત્ત પ્રવૃત્તિઓ, સંશોધનનું સ્તર, પ્રતિભા અને પ્રભાવ વગેરે પાસાંઓને ધ્યાને લઈ મૂલ્યાંકનના નિયત માપદંડોમાંથી પસાર થનારને બઢતી આપવામાં આવે છે. વિઠ્ઠલભાઈને પ્રોફેસર તરીકે બઢતી - promotion આપતાં સમિતિએ નોંધેલ મંતવ્ય : **'Dr. Patel more than meets the criteria for promotion of full professor. The committee upon careful examination of all the evidence, has found him to be exemplry in service to the University, invaluable as a resource person in applied mathematics, and distingutshed as a teacher and as a scholar'** ઉપરાંત ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ Prof. Bilesનું મંતવ્ય 'you simply would have to look awfully hard before you could ever find a better teacher of applied mathematics than Dr. Patel', ભૌતિકશાત્ર વિભાગના અધ્યક્ષ Prof. Clendennin નું મંતવ્ય 'There is no doubt in my mind that Dr. Patel is a master teacher and one whom any university should feel proud to have on its faculty' વગેરે મંતવ્યો તેમની પ્રતિભાનાં પ્રતીતિકારક બની રહે છે. તેમની વિદ્વત્તાને ચાર ચાંદ લગાવે તેવી ઘટના એ કે અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ પોતાના અધ્યાપકો વિશેના અભિપ્રાયોની પુસ્તિકા પ્રગટ કરતા હોય છે. આ પ્રવૃત્તિનો સામાન્યતઃ અધ્યાપકો અને યુનિવર્સિટીઓ દ્વારા

વિરોધ કરવામાં આવતો હોય છે. આવી જ એક 'અભિપ્રાય પુસ્તિકા' હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા ઘણા લાંબા અંતરાલ બાદ **'Golden Dozen Professors' શીર્ષક હેઠળ પ્રકાશિત કરવામાં આવી હતી, જેમાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટની સાથે પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈનું પણ નામ હતું. જે યુનિવર્સિટીમાં ૪૦૦થી અધિક અધ્યાપકો કાર્યરત હોય તે પૈકી એક ડઝન પ્રોફેસરોમાં સ્થાન મેળવવું એ તેમની એક જ્વલંત સિદ્ધિ અને પ્રતિભાસંપન્ન અધ્યાપકની દ્યોતક બની રહે છે.** આ તેમની એક અસાધારણ ઉપલબ્ધિ જ ગણવી રહી. તેમનું પુસ્તક 'Numerical Analysis' (૧૯૯૪) ગણિત વિદ્યાજગતમાં વિશેષ ખ્યાતિપ્રાપ્ત છે. તેમના અધ્યયન-અધ્યાપનના વિષયો ગણિતશાસ્ત્ર ઉપરાંત Fluid Mechanics રહ્યા છે.

ડૉ. વિઠ્ઠલભાઈ વર્ષ ૧૯૬૫ થી અમેરિકામાં સ્થાયી થયા હોવા છતાં માતૃભાષા ગુજરાતી પ્રત્યેનું તેમનું મમત્વ ઉદાહરણસ્વરૂપ રહ્યું છે. ગુજરાતી ભાષામાં ગણિતશાત્રનાં પાઠ્યપુસ્તકો બાદ કરતાં ગણિત વિષયક વિદ્વત્ત પુસ્તકો અને લેખોનો પ્રાયઃ અભાવ જોવા મળે છે. આ બાબતને ધ્યાને લઈને તેમણે ગુજરાતી ભાષામાં **૧. ગણિતની ક્રાંતિઓ (૨૦૧૩), ૨. વિશ્વ આપણી નજરે (૨૦૧૬), ૩. કલનગણિતની ક્રાંતિઓ અને ક્રાન્તિકારો** (ડૉ. પારસ ઉચાટના સહયોગમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પ્રકાશનાધીન) પુસ્તકો ઉપરાંત 'સુગણિતમ્', 'બુદ્ધિપ્રકાશ', 'કુમાર' અને સવિશેષતઃ 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્તપત્ર'માં ગણિતશાત્રનાં વિવિધ પાસાંઓ ઉપરાંત અમેરિકન શિક્ષણપ્રણાલી અને અમેરિકાની યુનિવર્સિટીઓ વિશે નિયમિત રીતે લખતા રહે છે. તેમણે 'ચંદ્રયાન', 'હિગ્ગ્સ બોઝોન', 'વિશ્વની ઉત્પત્તિ', 'દૂરબીન' વગેરે તથા સવિશેષતઃ વિશ્વવિખ્યાત ગણિતશાસ્ત્રીઓ જેમ કે આર્યભટ્ટ, જોહન નેશ, લીઓનહાર્ડ ઓઈલર, હેન્રી લેબેગ, ગ્રોટફ્રાઈટ વિલહેલ્મ લાઈબ્નિઝ વગેરેનાં સંતર્પક જીવનચરિત્રો, તેમણે વેઠેલ સંઘર્ષો અને મેળવેલ સિદ્ધિઓની નોંધ સાથે તેમના પ્રદાન વિશે સંશોધનાત્મક અભિગમ સાથે સંસદર્ભ લેખો અને પુસ્તકો વિદ્યાજગતમાં વિશેષ ખ્યાતિ પામ્યાં છે. તેમનું પુસ્તક **'ગણિતની ક્રાંતિઓ'** ગુજરાતીમાં છે તે આપણા માટે ગૌરવની વાત છે. ગુજરાતીમાં એક નવી ભાત પાડતું ગણિતના આ પુસ્તક સંદર્ભે **લબ્ધપ્રતિષ્ઠ ગણિતજ્ઞ પ્રોફેસર ડૉ. અરુણ વૈદ્યે નોંધેલ શબ્દો : ''આ પુસ્તક વાંચ્યા પછી એક આનંદની લાગણી થાય છે. મેં જુદી જુદી ભાષાઓમાં ગણિતનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં છે પણ આ પુસ્તક જેવો આનંદ અને સંતોષ ભાગ્યે જ અનુભવ્યાં છે. આવું પુસ્તક ગુજરાતીમાં છે એ આપણા માટે ગૌરવની વાત છે. ગુજરાતીમાં એક નવી ભાત પાડતું ગણિતનું આ એક પુસ્તક છે. અહીં સમગ્ર ગણિતનો એક વિશેષ દૃષ્ટિબિંદુથી ખ્યાલ આપવાનો પ્રશંસનીય પ્રયત્ન થયો છે. પુસ્તકનું એક મહત્ત્વનું પાસું તેને અંતે આવતી સૂચિ છે. ગણિતનાં ગુજરાતી પુસ્તકોમાં સૂચિ ભાગ્યે જ હોય છે પણ એ અભ્યાસીઓ માટે ખૂબ જરૂરી હોય છે''** તેની ગુણવત્તાના દ્યોતક બની રહે છે. **'વિશ્વ આપણી નજરે'** (૨૦૧૬)માં પ્રસ્તુત વિષયક ગ્રંથોનું અને અદ્યતન સંશોધનોનું ગંભીરતાથી અધ્યયન કરીને ૧૩૦ જેટલી આકૃતિઓના સહારે તારાવિશ્વ-આકાશદર્શન સંબંધી પરિચય કરાવ્યો છે. અને તે પણ ખગોળવિદ્યાક્ષેત્રમાં રસ ધરાવતા સામાન્ય જિજ્ઞાસુઓ ઉપરાંત સવિશેષતઃ આ ક્ષેત્રના અભ્યાસુઓ / વિદ્યાર્થીઓને સઘન અધ્યયનમાં ઉપકારક નીવડે તેટલી સંતર્પક માહિતી પ્રસ્તુત કરીને. આ સંબંધી પ્રચલિત કેટલીક ઇજિપ્શિયન, ઇથોપિયન વગેરે પ્રાચીન કથાઓ, કેટલાક ખગોળશાસ્ત્રીઓનાં સંક્ષેપમાં જીવનચરિત્રો તથા ખગોળશાસ્ત્ર સંબંધી કેટલીક શોધોની ઐતિહાસિક રૂપરેખા વણી લેવામાં આવ્યાં હોવાથી આ એક રસપ્રદ અભ્યાસગ્રંથ બની મ્હોરી રહ્યો છે. આ બધાં પ્રદાનોની તુલનાએ વિષય અને ગુજરાતી ભાષાની દૃષ્ટિએ ગૌરવવંતુ પ્રદાન તો એ બની રહેશે કે તેમણે કૃતસંકલ્પ બની **Sir ISSAC Newton** કૃત **'The Principia'**નો ગુજરાતી ભાવાનુવાદ કરવાનું કાર્ય શરૂ કર્યું છે તે પૂર્ણ થયે તેનું પ્રકાશન થશે ત્યારે. આ બધાં પુસ્તકો અને લેખોમાં આધિકારિક વિષયવસ્તુની સાથે શિષ્ટ ભાષાપ્રયોગ પણ ધ્યાનાર્હ બની રહે છે. આ વિધાન લખી રહ્યો છું ત્યારે પદ્મશ્રી **પ્રો. ભોળાભાઈ પટેલે** આપેલી શીખ મારા માનસપટલ ઉપર તાજી થાય છે : ''મણિભાઈ ! વિઠ્ઠલ જે કંઈ લખીને આપે તેમાં તેની ભાષા કે જોડણીસુધ્ધાં જોવાની જરૂરત નહીં. તેના અક્ષરો પણ સરસ. સર્વ વિદ્યાલયમાં તેના મોટાભાઈ ઈશ્વરભાઈ મારા સહાધ્યાયી અને મિત્ર. વિઠ્ઠલ અમારાથી એક વર્ષ પાછળ. ત્યારથી હું તેને ઓળખું. આપણા વૃત્તપત્ર માટે તેના ગણિત-વિજ્ઞાનના લેખો આપણી

મોટી મૂડી છે. કદાચ તમને ખ્યાલ નહીં હોય કે તે તો ગણિતનો મોટો પ્રોફેસર છે. તમે જે ભવનમાં બેઠા છો તેનો તે મોટો દાતા છે. આપણા સર્વ વિદ્યાલયનું ગૌરવ છે.'' આ આર્ષદષ્ટા શબ્દો આજે ખરે જ સાચા અનુભવી રહ્યો છું. આજે દુઃખદ બાબત એ છે કે આ શબ્દો ઉચ્ચારનાર ભોળાભાઈ સાહેબ આપણી વચ્ચે રહ્યા નથી. તેમણે વહેલી વિદાય લીધી. અમેરિકાથી વ્યવસાયિક નિવૃત્તિ મેળવ્યા બાદ વતનમાં ઠીક ઠીક સમય ગાળી રહેલા વિઠ્ઠલભાઈ ગુજરાતી ભાષામાં ગણિતનું જે ખેડાણ કરી રહ્યા છે તે તથા ખાસ તો 'The Principia'ના ભાવાનુવાદનું ભગીરથકાર્ય હાથ ધરેલું જોઈને તેમનું હૈયુ કેટલું બધું હરખાત ? વધુમાં આ બંને વિદ્યાવ્યાસંગી સહાધ્યાયીઓની જોડી 'સર્વ વિદ્યાલય' માટે કેટલી બધી ઉપકારક નીવડત તેની તો કલ્પના જ કરવી રહી ! નિયતિના ગર્ભમાં કોણ હાથ નાખી શકે ? પ્રો. વિઠ્ઠલભાઈના લેખો અમારા વૃત્તપત્રની ખરાઅર્થમાં એક મોટી મૂડી બની રહ્યા છે. તેમના ઉપરાંત અન્ય કેટલાક વિદ્વાન અધ્યાપકોના સાતત્યપૂર્ણ પ્રદાનના કારણે અમારું વૃત્તપત્ર સ્તરીય 'ડાયજેસ્ટ' બની રહ્યું છે, તેથી તેના સંપાદક તરીકે સૌ વિદ્વાન લેખકોનો આભારી છું. અમારા આ વૃત્તપત્રની ગુણવત્તાની નોંધ લેતાં જ્ઞાનપીઠ પુરસ્કારથી વિભૂષિત શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ 'દૈનિક ભાસ્કર'માં ચાલતી તેમની સાપ્તાહિક કૉલમમાં તા. ૨૬ મે, ૨૦૧૯ના રોજ નોંધ્યું હતું કે 'દરેક યુનિવર્સિટી પાસે આવું મુખપત્ર હોય અને... જેવા તંત્રી હોય તો વિદ્યાવૃત્તનો તાળો મળે.''

પ્રો. વિઠ્ઠલભાઈનો જન્મ વતન શેરથા (તા. જિ. ગાંધીનગર)માં તા. ૨૬ ડિસેમ્બર, ૧૯૩૬ના રોજ થયો હતો. તેમનાં માતાનું નામ શ્રીમતી લક્ષ્મીબહેન અને પિતાશ્રીનું નામ અંબાલાલ પટેલ કે જેઓશ્રી ખેતીની સાથે વેપાર પણ કરતા હતા. તેમનાં પત્નીનું નામ શ્રીમતી લતિકાબહેન છે. તેમના પરિવારમાં પુત્ર મિહિર અને પુત્રી હેમાક્ષી છે. તેમણે વતનની પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યા બાદ ધોરણ-૭ થી ૧૧ (મૅટ્રિક) સુધી ઉત્તર ગુજરાતના વિદ્યાધામ 'સર્વ વિદ્યાલય' (કડી)માં અભ્યાસ કર્યો. અહીં ગુરુજનો તરીકે આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈસાહેબ, શ્રી મોહનભાઈ સાહેબ, શ્રી અંબાલાલભાઈ સાહેબ વગેરે મળ્યા અને વિદ્યાવ્યાસંગી સીનિયર સહપાઠી તરીકે પ્રો. ભોળાભાઈ અને પોતાના મોટાભાઈ ઈશ્વરલાલ વગેરે મળ્યા, જેનાં મધુર સંસ્મરણો આજે પણ વાગોળતા જોવા મળે છે. વધુમાં તેમણે આ સંદર્ભે નોંધ્યું છે કે 'મારી જિંદગીમાં મને ત્રણ વ્યક્તિઓ એવી મળી છે કે હું તેમના જેવો થવા ખૂબ જ પ્રયત્ન કરી રહ્યો છું. અમારી સર્વ વિદ્યાલયના આચાર્ય નાથાભાઈ સાહેબ, પીએચ.ડી. ના મારા ગાઇડ આઇન્સ્ટાઈન સાહેબ અને મારા પિતાજી જે ફક્ત ગુજરાતી ચાર ચોપડી ભણેલા.' આ સાથે જ પોતાની કારકિર્દીના ઘડતરનું અને સવિશેષતઃ ગણિત વિષયમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવાનું શ્રેય પોતાના મોટાભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા પોતાના સૌથી મોટાભાઈ સ્વ. ત્રિભોવનભાઈ કે જેમણે અમેરિકા ભણવા જવા માટે જરૂરી પૈસાની વ્યવસ્થા કરી આપી હતી. તેમને આપે છે. તેમનામાં ઈશ્વરભાઈ પ્રત્યેની પ્રપત્તિભાવપૂર્વકની શ્રદ્ધાભકિત અસાધારણ જોવા મળે છે. કૉલેજ શિક્ષણ ગુજરાત કૉલેજ અને વી.પી. સાયન્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગરમાંથી મેળવ્યું. તેજસ્વી વિદ્યાર્થી તરીકે B.Sc'.ની ડિગ્રી મેળવ્યા બાદ વી.પી. સાયન્સ કૉલેજ દ્વારા ટ્યુટર તરીકે નિમણૂક મેળવતાં M.Sc'. (Mathematics) પૂર્ણ કર્યું. સરદાર પટેલ યુનિવર્સિટીમાં M.Sc.માં એકમાત્ર તેઓશ્રી પ્રથમ વર્ગમાં પાસ થતાં ચારુતર વિદ્યામંડળ, વલ્લભભવિદ્યાનગરના શિક્ષણવિદ્ અને કુશળ પ્રશાસક એવા ચેરમેન શ્રી એચ. એમ. પટેલે રૂબરૂમાં બોલાવીને વી. પી. સાયન્સમાં વ્યાખ્યાતા તરીકે નિયુકિત આપતાં જૂન ૧૯૫૯માં અહીં જોડાયા હતા. પીએચ.ડી. થવાની ધગશના કારણે અને રિસર્ચ સ્કૉલરશિપ મંજૂર થતાં અહીંથી ગુજરાત કૉલેજમાં, ત્યારબાદ સરદાર પટેલ યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગ અને છેલ્લે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં જાન્યુઆરી, ૧૯૬૫ સુધી વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી હતી.

પીએચ.ડી. ડિગ્રી હેતુ સંશોધનકાર્યમાં ઝાઝી પ્રગતિ નહીં થઈ શકતાં અને પોતાના ગાઇડ વિશ્વવિખ્યાત ગણિતશાસ્ત્રી પ્રો. પી. સી. વૈદ્યસાહેબ અમેરિકાની વૉશિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે આમંત્રિત થતાં ત્યાં જોડાવાના સમાચાર મળતાં ભારે ચિંતિત થતાં મનોમન વિચારતા કે, 'મારી ઠાઠડી પહેલી નીકળશે કે મને પીએચ.ડી.ની ડિગ્રી પહેલી મળશે.' પણ, કહેવાયું છે કે મજબૂત મનના માનવીને હિમાલય પણ નડતો નથી. આ ન્યાયે ઉચ્ચ અભ્યાસ માટે કૃતસંકલ્પ બની રહેતાં યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિઆ, બર્કલીમાં પીએચ.ડી. માટે

પ્રવેશ મળતાં પોતે અને મિત્ર રમેશ જોશી અમેરિકા જવા માટે ૫ ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ નીકળી પડ્યા હતા. થોડાક માસ બાદ આ યુનિવર્સિટીમાં પ્રારંભમાં 'ટિચિંગ આસિસ્ટન્ટ' અને ત્યારબાદ 'રિસર્ચ આસિસ્ટન્ટ' તરીકે સેવા કરવાની તક મળતાં તેને એક challenge અને opportunity તરીકે આત્મસાત કરી કઠોર પરિશ્રમ અને વિદ્યાસાધના થકી પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરતાં Ph.D. પૂર્ણ કરતાં પૂર્વે જ હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી, આર્કેટા, કેલિફોર્નિઆના ગણિતશાત્ર વિભાગમાં સપ્ટેમ્બર ૧૯૬૯માં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમણૂક મળતાં, તેને પોતાની સાધનાભૂમિ તરીકે આત્મસાત કરીને અહીં જ ઠરીઠામ થયા અને આ જ વિભાગમાંથી જૂન ૨૦૦૫માં પ્રોફેસર તરીકે સેવાનિવૃત્ત થયા હતા. આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે અમેરિકન નાગરિકત્વ તેમને મળ્યું ત્યારે માતૃભૂમિ માટેનો પ્રેમ અને તેનાથી વિખૂટા પડવાના દુઃખના કારણે તેનો સ્વીકાર કરતાં મનોમન વ્યથા અનુભવી હતી. પરંતુ કૌટુંબિક જરૂરિયાત અને અન્ય આનુસંગિક બાબતોને ધ્યાને લઈ અમેરિકન નાગરિકત્વ સ્વીકારીને અમેરિકા માટે શતપ્રતિશત અનુબદ્ધ - committed બની રહેવા છતાં પોતાના દેશનું - વતન શેરથાનું હિત અને ઋણ સતત તાજું જ રાખતા રહ્યા છે અને તે અદા પણ કરી રહ્યા છે.

પોતાની અધ્યાપકીય કારકિર્દી તથા અમેરિકા અને ભારતીય શિક્ષણ પ્રણાલી સંદર્ભે આ લખનાર દ્વારા તેમની સાથે રૂબરૂ સાક્ષાત્કાર કરતાં વિનમ્રતા સાથે તેમણે જણાવ્યું હતું કે ''સારામાં સારી રીતે ભણાવવા માટે સૌથી પહેલી અને છેલ્લી વાતઃ તમારી પોતાની તે વિષયની જાણકારી. તમે જેટલો ઊંડાણપૂર્વક તમારો વિષય જાણો, તેટલી તમને ભણાવવાની સરળતા. ઊંડાણપૂર્વકની સમજ લાવવા માટે અભ્યાસ ખૂબ જ જરૂરી બને છે. નિયમિતપણે બરોબર તૈયારી કરીને જ ક્લાસમાં ભણાવવા ગયો છું. બરાબર ભણાવાયું ન હોય તે દિવસે બરાબર જમ્યો નથી... હું જેમાં સંશોધન કરતો તેનાં સમીકરણોના ઉકેલો કમ્પ્યૂટરથી મેળવી શકાય... વર્ષોનાં વર્ષો આ કામ શાંત મગજે કરતો ગયો. જે સંશોધનનાં પેપરો પ્રસિદ્ધ થયાં છે તે જોશો તો જણાશે કે લાંબાં છે. આ બધું ગણવામાં અને તેમાંથી માહિતી મેળવવાના આનંદને કોઈ પહોંચી શકે ? એકલા હાથે કરેલાં કામોનો વિચાર કરું છું ત્યારે આનંદ અનુભવું છું. અત્યારે પણ કોઈ કોઈના સંશોધનના પેપરોમાં આ કામનો ઉલ્લેખ જોઉં છું ત્યારે એવું લાગે છે કે જિંદગી નકામી ગઈ નથી. તેનો આનંદ અનુભવું છું... વિદ્યાર્થીઓના મોઢા ઉપરની લાગણીઓ જોઈને એમ થાય કે આપણે કેટલા નસીબદાર છીએ કે આપણને સરસ વિદ્યાર્થીઓ મળ્યા... એક ઉદાહરણ તરીકે જણાવું તો એક સવારે ફોન આવ્યો કે સાહેબ, તમે લોસ એન્જેલસ આવવાના છો, તો તમે મારા ત્યાં આવશો ? હું આ વિદ્યાર્થીને ઓળખતો ન હતો. તેણે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે હું એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં તમારો વિદ્યાર્થી હતો. આ વિદ્યાર્થી તે આપણી ગણપત યુનિવર્સિટીના સ્થાપક ગણપતભાઈ. આ પછી તો અમારો સંબંધ ઘણો વિકસ્યો છે..... અમેરિકામાં મોટર મિકેનિકસથી શરૂ કરીને ઉદ્યોગપતિઓ કે ઉચ્ચ અધિકારીઓ સાથે આકસ્મિક મુલાકાતો થતાં આ બધા સામેથી જ પ્રસન્નતાના હૃદયોદ્‌ગાર સાથે જણાવતા કે સાહેબ, તમે અમને ગણિત ભણાવતા ત્યારે મનોમન હરખાવાની સાથે ધન્યતા પણ અનુભવતો. આને હું શિક્ષક હોવાની ફલશ્રુતિ ગણું છું.''

એક કર્મયોગી અને ક્રિયાશીલ અધ્યાપકના આ હૃદયોદ્‌ગારમાં આપણા મનીષી કવિ અને શિક્ષણવિદ્ ઉમાશંકર જોશીના શબ્દો 'વર્ગ એ જ સ્વર્ગ'નો પડઘો નીતર્યા નીર જેવો અનુભવાય છે. શિક્ષકની આ નિષ્ઠા માત્ર શબ્દોમાં જ નહીં પણ વ્યવહારમાં જોવા મળી છે. આશ્ચર્ય તો એ છે કે પોતાની પ્રથમ પસંદગીના ૨૦ વ્યવસાયોમાં પણ શિક્ષણક્ષેત્રને સ્થાન ન આપનારે સામેથી – વલ્લભવિદ્યાનગરથી ટ્યુટર બનવાનો પ્રસ્તાવ મળતાં તેને હૃદયથી અપનાવી લીધો. ભણાવવાનું એટલું બધું ગમવાનું લાગતાં મિત્રોને કહેતા કે 'મારી ઠાઠડી કલાસમાંથી જ કાઢવી પડશે.' તેમના અધ્યાપનથી પ્રભાવિત થઈ પ્રો. આર. ડી. પટેલે કહ્યું હતું કે 'અલ્યા તું તો બહુ સારું ભણાવે છે... ભણવાનું પૂરું થાય અને ભારત પાછો આવે તો વલ્લભવિદ્યાનગર જ આવજે. બીજે કયાંય ગયો તો તારું આવી બન્યું માનજે'. હમ્બોલ્ટમાં જોડાયાનાં બે વર્ષમાં પ્રો. આઇન્સ્ટાઈનને મળવાનું થતાં તેમણે પહેલો જ સવાલ પૂછ્યો 'માણસો કેવા છે ? સારા ન હોય તો બીજે શોધી કાઢીએ.' આવા અધિકારપૂર્વકના શબ્દો કે જેમાં સ્નિગ્ધ સ્નેહપૂર્ણ વાત્સલ્ય ઝરતું અનુભવાય છે તેના તેઓ અધિકારી બની રહ્યા. અમેરિકામાં વિદ્યાર્થી તરીકેના સમયગાળાથી અધ્યાપક થયાના પ્રારંભિક વર્ષોમાં ખર્ચને

પહોંચી વળવા હેતુ કેલિફોર્નિઆ રાજ્યની બાજુમાં આવેલા ઓરેગન રાજ્યના સેલમ નગરના ખેતરોમાં ખેતમજૂર તરીકે ફણસી અને બિન્સ તોડવાનું અને અન્ય નાનું-મોટું કામ કરતા રહ્યા હતા. આમ છતાં અધ્યયન - અધ્યાપનના ભોગે નહીં. આ બંને બાબતોને હરહંમેશ તેમણે અગ્રતાક્રમે રાખી છે. પ્રકૃતિએ વિનમ્ર અને મૃદુભાષી, છતાં યુનિવર્સિટીના વાઈસ-પ્રેસિડેન્ટના અન્યાયકર્તા પ્રસ્તાવ સામે ઊભા રહીને સ્વધર્મ - આત્માના અવાજનું પાલન કરતા જોવા મળે છે. અને તે પણ એવા સમયે કે જ્યારે પ્રોફેસર તરીકે પોતાને બઢતી મળવાની પ્રક્રિયાના સમયગાળામાં અર્થાત્ સામે પૂરે તરવાનું જોખમ વહોરીને.

વર્ષ ૨૦૦૫માં સ્વેચ્છાએ સેવાનિવૃત્તિ મેળવ્યા બાદ વતનમાં યથેચ્છ રહેવાનું થતાં માતૃભૂમિ માટેનો પ્રેમ કર્તવ્યનિષ્ઠાની સભાનતા સાથે ઊભરાઈ આવ્યો. કોઈ કવિએ ગાયું છે કે 'અપિ સ્વર્ણમયી લંકા ન મે લક્ષ્મણ રોચતે / જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી'ની ભાવનાને સાકાર કરતાં ગામના ગોંદરે, બસ સ્ટેન્ડ, નિશાળના પ્રવેશદ્વાર વગેરે જગ્યાએ કચરાના ઢગલા જોતાં હૃદય દ્રવી ઊઠતાં કોઈની મદદની અપેક્ષા વગર મુખરિત થયા સિવાય આઠથી દશ વર્ષ સુધી સફાઈકાર્ય કર્યું. કહેવાયું છે કે 'મહીયાંસઃ પ્રકૃત્યા મિતભાષિણઃ' અર્થાત્ મહાપુરુષ સ્વભાવથી જ મિતભાષી (ઓછું બોલનાર) હોય છે. આપણા વિઠ્ઠલભાઈએ પણ અનપેક્ષઃ શુચિર્દક્ષ રહીને કાર્ય કર્યું. **'શેરથાના ગાંધી'** તરીકે ઓળખાયા. આ કામની નોંધ રાષ્ટ્રીય વર્તમાનપત્રોએ પણ લીધી હતી. જોકે સ્વાસ્થ્ય કથળતાં હવે આ કામ બંધ કર્યું છે, જેની ગ્લાનિ આજે પણ અનુભવી રહ્યા છે. આ કામની ફળશ્રુતિ તેમના જ શબ્દોમાં જોઈએ : 'હું વાળતો હતો ત્યાં એક દિવસ એક બહેન આવીને કહે, 'મારી દીકરી કૉલેજમાં ભણે છે. અગાઉ ઘરમાં કોઈ કામ કરાવતી ન હતી. તમને આવું કામ કરતા જોઈને હવે તે ઘરમાં કચરો વાળે છે. જરૂર પડે પાણી પણ ભરી લાવે છે.' મારે નિરાશ થવાની જરૂર ખરી ?' હકીકતમાં એક યા બીજા સ્વરૂપે તેઓ સૌના હમદર્દ બની રહ્યા. ગાંધીજીને અભિપ્રેત એવા 'વૈષ્ણવજન' બની રહી પરાઈ પીડાને પોતાની ગણીને મૂક બનીને અનાસક્ત ભાવે પ્રસન્નતાપૂર્વક સેવા કરતા રહે છે. વધુમાં, તેઓશ્રી ગ્રામ વિકાસનાં અનેકવિધ કાર્યો પોતાના મોટાભાઈ શ્રી ઈશ્વરલાલ પટેલના સહયોગમાં પ્રસન્નતાપૂર્વક કરી રહ્યા છે. આ બધાં કાર્યો પાછળ વતનનું ઋણ ઉતારવાની ઉદાત્ત ભાવના વ્યકત કરતાં તેમણે નોંધેલ શબ્દો : 'અમેરિકા ગયો ત્યારે ગ્રામજનોએ જે રીતે વિદાય આપી છે, જે સફળ થવાની અને પરદેશમાં ભારતીય તરીકે નામના કાઢવાની અપેક્ષાઓ રાખેલી... ભણીને પાછા આવ્યા બાદ મોટા સન્માનથી ગામે આવકારેલો... આવાં ભોળાં માણસોનું દેવું વ્યાજ સાથે વાળવું જોઈએ તેવી ભાવના એકદમ થઈ... લતિકાએ પણ આ નિર્ણય માન્ય કર્યો.' અંતરમનનો આ પોકાર હૃદયને સ્પર્શી જાય તેવો છે. હૃદ્ય છે. અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે અમેરિકામાં અધ્યાપકો માટે કોઈ નિવૃત્તિવય હોતી નથી. તેથી વિઠ્ઠલભાઈ અધ્યાપકીય કારકિર્દી યથેચ્છ ચાલુ રાખી શક્યા હોત. પરંતુ વતન માટે કંઈક કરી છૂટવાની પ્રબળ ભાવનાએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવડાવી અને તેઓશ્રી આ ભાવનાને ખરા અર્થમાં સાકાર કરી રહ્યા છે. ખાસ ઉદાહરણસ્વરૂપ અને ઉલ્લેખનીય બાબત તો એ છે કે સર્વ વિદ્યાલયનું ઋણ અદા કરવા તેમણે અને તેમના મોટાભાઈએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરને આશરે બે કરોડ રૂપિયાથી અધિકનું દાન આપ્યું છે, જેમાં સર્વ વિદ્યાલય પ્રત્યેની તેમની પ્રપત્તિભાવપૂર્વકની શ્રદ્ધા-ભકિતનાં દર્શન થાય છે. આ સાથે જ વ્યવસ્થાપક મંડળના સભ્યપદે રહીને અમેરિકન શિક્ષણપ્રણાલીની ઉમદા અને શ્રેષ્ઠ પ્રણાલિકાઓ અપનાવવા સારું સતત પ્રયત્નશીલ રહે છે. અરે ! આજે ૮૪ વર્ષની વયે પણ B.Sc. અને M.Sc.ના વિદ્યાર્થીઓને સ્વેચ્છાએ અને સામેથી માગીને અધ્યાપન કરતાં પ્રસન્નતા અનુભવે છે.

ભારતીય અને અમેરિકન શિક્ષણપ્રણાલીના અનુભવના આધારે ભારતમાં શિક્ષણ સુધારવા હેતુ તેમનાં કેટલાંક સૂચનો ધ્યાનાર્હ બની રહે છે.

ૐ યુનિવર્સિટીનો આધાર યુનિવર્સિટી ચલાવનાર ઉપર જ છે. આથી વાઈસ-ચાન્સેલરની જગ્યા પ્રોફેસરોની જેમ કાયમી હોવી જોઈએ. દર ત્રણ વર્ષે બદલતાં નવી નવી રીતોથી યુનિવર્સિટીઓને ટેવાવવું પડે છે અને લાંબાગાળાની કોઈ યોજના વિચારી શકાતી નથી.

ૐ અમેરિકામાં યુનિવર્સિટીઓ વાર્ષિક પરીક્ષાઓ લેતી જ નથી. અધ્યાપકો જ મીડ-ટર્મ, લેશન, કવીઝ', ફાઈનલ પરથી વિદ્યાર્થીઓના ગ્રેડ નક્કી કરે છે. આ આપણે

ખાસ કરવાની જરૂર છે, કારણ કે આથી યુનિવર્સિટીઓનું ઘણું કામ ઓછું થશે અને બહુ જ ઓછા સમયમાં પરિણામો જાહેર કરી શકાશે અને વિદ્યાર્થીઓને આના માટે પરીક્ષા ફી ભરવાની રહેશે નહિ.

ઝ રોજના રોજ લેશન આપવાની રીત મને ખૂબ પ્રભાવિત કરી ગઈ છે. આ લેશન ગ્રેડનો ૫ થી ૧૫ ટકા ભાગ ગણાય છે. અધ્યાપક જ આ લેશન વગેરેનો ગ્રેડ માટે કેટલો ભાગ રાખવો તે નક્કી કરે છે અને આ લેશન નિયમિત રીતે તપાસાય છે. આ બાબત વિદ્યાર્થીઓએ ગંભીરતાપૂર્વક લેવી પડતી હોવાથી વર્ગમાં તૈયાર થઈને જ આવે છે. પરિણામે સામાન્ય વિદ્યાર્થી પણ આપણા હોશિયારમાં હોશિયાર વિદ્યાર્થી જેવો બની જાય છે. આ પ્રથાના અમલથી ભારતનું નિયમિતપણું ઘણું ઊંચું થશે.

ઝનવું નવું શીખવાના બદલે આપણા વિદ્યાર્થીઓ પરીક્ષાઓની તૈયારીઓ કરતા રહેશે ત્યાં સુધી આપણે શિક્ષણક્ષેત્રે ખાસ પ્રગતિ કરી શકીશું નહિ. આથી કોઈપણ પ્રકારે ગોખવાનું ન રાખવાનું શીખવવું પડશે અને નવું શીખવા માટે શાળા / કૉલેજમાં જઈએ છીએ તેની યાદ પ્રત્યેક ક્ષણે કરાવવી પડશે.

ઝછેલ્લાં પચ્ચાસ વર્ષમાં વિજ્ઞાનના કોઈપણ ક્ષેત્રમાં થયેલી પ્રગતિમાં ભારતનો ભાગ કેટલો ? કમ્પ્યૂટરના હાર્ડવેરમાં આપણો શો ફાળો ? આપણામાંથી નોબેલ પ્રાઇઝ' મેળવનારા કેટલા ?

ઝ ગુજરાતની સરકારો પ્રધાનોના પ્રવાસો અને ચૂંટણીઓ માટે મન મૂકીને ખર્ચ કરે છે તે જ રીતે મન મૂકીને શિક્ષણ ક્ષેત્રે ખર્ચ કરે તો આપણે દિલ્હી અને મુંબઈ કરતાં આગળ નીકળી જઈએ. આ જાતનો વિચાર સરકારોના મગજમાં કયાંથી લાવવો ? ચૂંટણી માટે શાળા / કૉલેજોના સ્ટાફનો વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે ઉપયોગ કરવામાં આવે છે તે તો ન જ ચલાવી લેવાય. આ તો જલદીમાં જલદી અટકવું જોઈએ.

ઝઅમેરિકામાં General Education ના વિષયો હોઈને વિદ્યાર્થી મનગમતા વિષયો ભણવાનો પ્રયત્ન કરે છે, જે આપણા ત્યાં શક્ય જ નથી. અમેરિકામાં Logic', Philosophy, Gujarati વગેરેના અભ્યાસની સાથે ગણિત ભણી શકાય છે, જે અહીંયાં શક્ય જ નથી.

**મણિભાઈ પ્રજાપતિ**
**મો. ૯૬૦૧૨૭૩૮૩૬**

---

પૃષ્ઠ ૪૭
**૨૪નું અનુસંધાન**

હોમરના સમકાલીન કવિઓ વિશે કોઈ ચોક્કસ માહિતીના અભાવે હોમરની તુલના તેના યુગના અન્ય સાહિત્યકારો સાથે કરવી મુશ્કેલ છે. હોમરના અવસાનના આશરે ચારસો વર્ષ બાદ સોફોક્લીસ (Sophocles), ઇસકિલસ (Aeschylus) અને યુરિપીડિસ (Euripides) આ ત્રણ ત્રિપુટી ગ્રીક સાહિત્યને નવીન ઊંચાઈ સુધી લઈ જાય છે. આ ત્રણેય લેખકોએ ગ્રીક ટ્રેજેડીની એક નવી જ પરંપરા શરૂ કરી. સોફોક્લીસે એક અંદાજ મુજબ ૧૨૩ કરુણાંતિકાઓ લખી હતી, જેમાંથી આજે કેવળ ત્રણ જ ઉપલબ્ધ છે; Antigone, Oedipus, the King અને Electra. ઇસકિલસને ગ્રીક ટ્રેજેડીના પિતા તરીકે ઓળખવામાં આવે છે. તેણે લખેલી લગભગ ૯૦ જેટલી કૃતિઓમાંથી આજે માત્ર ૭ જ જોવા મળે છે, જે પૈકી Prometheus Bound સર્વશ્રેષ્ઠ છે. ક્લાસિકલ યુગનો છેલ્લો ટ્રેજેડિયન યુરિપીડિઝ હતો, જેણે આશરે ૯૫ જેટલાં નાટકો લખ્યાં હતાં, જે પૈકી આજે સોળ જેટલાં નાટકો જોવાં મળે છે, જેમાંથી મેડિઆ (medea) અને ઍલ્સેસ્ટિસ (Alcestis) નોંધપાત્ર છે.

**Further Reading**

Merrill, Rodney. The Illiad, Michigan University Press (2007)

Merrill, Rodney. The Odyssey, Michigan University Press (2007)

Fowler, Robert, ed. The Cambridge Companion to Homer. Cambridge: Cambridge University Press (2004)

Monro, David Binning. ''Homer.'' Encyclopedia Britannice. V.12 (11th ed.) pp. 626-39. 1911

**ડૉ. મનીષ વ્યાસ**
આસિસ્ટન્ટ પ્રોફેસર,
એલ.ડી.આર. પી. ઍન્ડ આઈ.ટી. આર.
ગાંધીનગર-૩૮૧૦૧૬ મો. ૯૪૨૮૦૪૭૪૬૩